# ગાંધીનગરના માર્ગો 'જય અંબે'ના જયઘોષથી ગુંજ્યા

## ભાદરવી પુનમ નજીક આવતાં મહત્તમ પદયાત્રીઓએ અંબાજી તરફ પ્રયાણ કર્યું : સેવાકેન્દ્રો દિવસ-રાત ધમધમે છે





ગાંધીનગર, તા. ૨૪

ભાદરવી પુનમ નજીક આવતા પદયાત્રીઓનો પ્રવાહ અંબાજી તરફ વહી રહ્યો છે. આજે મહત્તમ પદયાત્રીઓ ગાંધીનગરના માર્ગો પરથી પસાર થયા હતા. પદયાત્રીઓના સતત ચાલતા પ્રવાહની વચ્ચે ગાંધીનગરના સેવાકેન્દ્રો દિવસ-રાત ધમધમ્યા હતા.

ગાંધીનગરના મુખ્ય માર્ગો ચ અને ઘ રોડ ઉપરાંતના તમામ માર્ગો પરથી વધતા ઓછા પ્રમાણમાં પદયાત્રીઓએ અંબાજી તરફ પ્રયાણ કર્યું હતું. પદયાત્રીઓના સતત પ્રવાહની વચ્ચે શહેરના માર્ગો જય અંબેના જયઘોષથી ગુંજી ઉઠ્યા હતા. ભાદરવી પુનમે હવે સાવ નજીક હોવાથી પદયાત્રીઓ અને વિવિધ સંઘો અંબાજી તરફ જઈ રહ્યા છે. પૂર્વ અમદાવાદ તથા મધ્ય ગુજરાત-દક્ષિણ ગુજરાત તરફથી આવતા પદયાત્રીઓએ ગાંધીનગરનો રૂટ પસંદ કર્યો હતો. ગઈકાલ સવારથી જ પદયાત્રીઓનો પ્રવાહ એકાએક વધવા લાગ્યો હતો. ગઈકાલે રાત્રે પણ ખુબ મોટી સંખ્યામાં પદયાત્રીઓ ગાંધીનગરમાંથી પસાર થયા હતા. આજે દિવસે ગરમી હોવા છતાં પદયાત્રીઓનો પ્રવાહ સતત વહેતો રહ્યો હતો. ચ અને ઘ રોડ પરથી તો પદયાત્રીઓ સતત પસાર થતા જોવા મળ્યા હતા. માતાજીનો રથ લઈને નીકળેલા ઘણા મોટા સંઘો ગઈકાલે રાત્રે અને આજે વહેલી સવારે પસાર થયા હતા. મહિલા પદયાત્રીઓના સમુહો માતાજીના ગરબા ગાતા પસાર થયા હતા. આવતા જતા વાહનચાલકોએ જય અંબેના ઘોષથી પદયાત્રીઓને સતત ઉત્સાહિત રાખ્યા હતા. સેવા કેન્દ્રો પણ દિવસ-રાત ધમધમતા રહ્યા હતા.

# સરકારના વિભાગો જ સરકારી પ્રિન્ટીંગ પ્રેસને બીલ ચૂકવતા નથી

## સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગે ૬૦ હજારનાં ૨૭ બીલો નહીં ચૂકવતાં હવે તેને ૧૨ ટકા વ્યાજ ભરવું પડશે

(વિશેષ પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર, તા. ૨૪

સરકારી પ્રેસમાં કામ આપતા સરકારના વિભાગો જ પ્રસિદ્ધિ બાદ પેમેન્ટ ચૂકવતાં નથી. આવો જ એક કિસ્સો બહાર આવ્યો છે જેમાં વિભાગના બાકી બીલો ઉપર ૧૨ ટકા વ્યાજ વસૂલ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગે સરકારી મધ્યસ્થ મુદ્રણાલયમાં જુદા જુદા સમયે છાપકામ કરાવ્યું હતું. આ છાપકામમાં થયેલા ખર્ચના બીલો સમયાંતરે મુદ્રણાલય દ્વારા મોકલી આપવામાં આવ્યા હતા.

આ મુદ્રણાયલે એક પત્રમાં લખ્યું છે કે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના કુલ ૨૭ બીલો પેન્ડીંગ છે અને તેની રકમ ૬૦ હજાર કરતાં પણ વધારે થવા જાય છે. આ રકમ ઘણાં સમયથી ચૂકવવામાં આવી નથી તેથી વિભાગને આખરી રિમાઈન્ડર મોકલવામાં આવે છે. અગાઉ પણ અમારા કર્મચારી વારંવાર વિભાગમાં ઉઘરાણી માટે આવ્યા છે પરંતુ તેમને બીલોની રકમ મળી શકી નથી.

મુદ્રણાલયના વ્યવસ્થાપકે સરકારના આ વિભાગને બાકી રહેલા બીલોની રકમ ઉપરાંત ૧૨ ટકા વ્યાજ વસૂલ કરવાનું નક્કી કર્યું છે અને વિભાગને કહ્યું છે કે વહેલીતકે વ્યાજ સહિત આ બાકી રકમ અમને ચૂકવી આપવી.



તસવીરમાં દેખાઈ રહેલાં વૃક્ષ જેવાં ૪૦થી વધુ સૂકાં વૃક્ષો ગાંધીનગર શહેરમાં ઝળુંબી રહ્યાં છે. સલામતીની દ્રષ્ટિએ આવાં વૃક્ષો હટાવી લેવાં જોઈએ એવી લોકલાગણી ને માગણી છે. (તસવીર : દિપક જાની)

# મહાપ્રસાદથી લઈને વિવિધ ફળો પદયાત્રીઓને પીરસાયાં

ગાંધીનગર, તા. ૨૪

અંબાજી જતા પદયાત્રીઓ માટે નગરના લગભગ દરેક માર્ગો પર સેવાકેન્દ્રો ધમધમી રહ્યા છે. અહી ચા-કોફી, નાસ્તા અને મહાપ્રસાદની સુવિધા પદયાત્રીઓને અપાઈ રહી છે.

ગાંધીનગરના સેવાભાવી નાગરીકોની સહાયથી ચાલતા આ સેવા કેન્દ્રો પર પદયાત્રીઓનો ભારે જમાવડો જોવા મળ્યો હતો. શહેરના પ્રવેશ દ્વારે ચ-૦ સર્કલ ખાતે છેલ્લા ૧૮ વર્ષથી પંચદેવ યુવક મંડળના પચાસથી વધુ યુવકો સેવા કેન્દ્ર પર સેવા આપે છે. અહી પદયાત્રીઓને ચા, કોફી, દૂધ,પાણી, લીંબુશરબત, નાસ્તો તથા સુખડીનો મહાપ્રસાદ અપાય છે. સાથે મેડીકલની પણ સુવિધા છે. રાત્રી રોકાણ માટે ૧૦૦ વ્યક્તિ સુઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

ચ-૨ સર્કલ પાસે સેક્ટર-૪-ડી મહિલા ભજન મંડળ દ્વારા કેળા અને પાણીનું વિતરણ કરવામાં આવે છે.

સેક્ટર-૭/૮ યુવક મંડળ દ્વારા ૨૦ વર્ષથી ચોથથી અગિયારસ સુધી ચા, કોફી, બીસ્કીટ, ગાંઠીયા, પાણી અને દવાની પણ સુવિધા ઉપલબ્ધ છે.

ચ-૩ સર્કલ પાસે ઈન્દ્રોડા ગામનું સેવા કેન્દ્ર છે. આ સેવાકેન્દ્ર ૧૯૯૩ થી સેવા આપે છે. આ સેવા કેન્દ્ર એકમથી પૂનમ સુધી ચાલે છે. અહી ચા, કોફી, લીંબુશરબત તથા દવાઓ પણ ઉપલબ્ધ છે. સેવાકેન્દ્રની સૌથી નિરાળી સેવામાં ન્હાવા માટે ગરમ પાણીની વ્યવસ્થા તેમજ બહેનોને ન્હાવાની અલગ સુવિધા ઉભી કરવામાં આવી છે. તેની બાજુમાં લાયન્સ,



લીયો અને લાયોનેસ ક્લબ દ્વારા મેડીકલની દવાનું મફત વિતરણ કરવામાં આવે છે. સાથે મીરીન્ડા અને સોડા આપવામાં આવે છે. રાત દિવસ ડોક્ટર ત્યા હાજર હોય છે. આઠ વર્ષથી સેવાકેન્દ્ર ચાલે છે. જિલ્લા પંચાયત પાસે બાપા સીતારામ સેવા કેન્દ્ર ૧૪ વર્ષથી અવિરત સેવા આપે છે. સેવા કેન્દ્રમાં સફરજન, ચવાણુ, ગાંઠીયા, બિસ્કીટ, ચા-પાણી યાત્રાળુઓને આપવામાં આવે છે. આ સેવાકેન્દ્રમાં કોઈક દિવસે ગરમાગરમ જલેબી પીરસવામાં આવે છે.

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર દ્વારા બે વર્ષથી જુના એમએલએ ક્વાર્ટર નજીક સેવા કેન્દ્રનું

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતના ૧૪ આરોગ્ય સેવા કેન્દ્રોનો દસ હજાર પદયાત્રીઓએ લાભ લીધો

## યાત્રિકો પગના દુ:ખાવાની ફરિયાદ તેમજ કબજીયાતની ફરિયાદો કરતા વધુ મળ્યા છે.

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર ઉપરાંત જિલ્લાના ગ્રામ્ય માર્ગો પર સેવા કેન્દ્રોની સાથે સાથે યાત્રિકોને માટે ભક્તિસંગીતની કેસેટોનું પણ બજાર જામ્યું છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા ૧૪ જેટલા આરોગ્ય સેવા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. આ આરોગ્ય સેવા કેન્દ્રોમાં યાત્રિકો પગના દુ:ખાવાની ફરિયાદ તેમજ કબજીયાતની ફરિયાદો કરતા વધુ મળ્યા છે. આ સેવા કેન્દ્રોનો ૧૦ હજારથી પણ વધુ યાત્રિકોએ લાભ લીધાના અહેવાલો છે. આ આરોગ્ય કેન્દ્રો ઉપરાંત યાત્રિકોને ન્હાવા-ધોવાની વ્યવસ્થા સાથેના કેન્દ્રો પણ ઉભા કરાયા છે.

આવા કેન્દ્રો પર શુધ્ધ પીવાનું પાણી મળી રહે તેની વ્યવસ્થા આયોજકો દ્વારા કરવામાં આવી છે. યાત્રિકોના પગ દબાવી દેવાની પણ સેવા યુવાનો કરતા હોવાનું સેવા કેન્દ્રો પર જોવા મળ્યું છે.

### સરકાર પેટ્રોલ,ડિઝલ અને સીએનજીમાં તો વેટ ઘટાડતી નથી

# ખાદી ગ્રામોદ્યોગની ચીજોમાં પણ વેટમુક્તિનો લાભ અપાતો નથી

## ૫૨,૦૦૦ ગ્રામીણ લોકોને રોજી મળતી હોવા છતાં બોર્ડની દરખાસ્તને સરકારનો જવાબ નહીં

(વિશેષ પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર, તા.૨૪

ગુજરાત સરકાર પેટ્રોલ, ડિઝલ અને સીએનજી ઉપર વેટના દરો ઘટાડવા રાજી નથી, પરંતુ ખાદી ગ્રામોદ્યોગની વસ્તુઓ ઉપર પણ વેટના દરો ઘટાડી શકતી નથી. આ બોર્ડના અધિકારીએ કરેલી દરખાસ્ત હાલ પેન્ડીંગ રાખવામાં આવી છે.

ઉદ્યોગ વિભાગને કરવામાં આવેલી દરખાસ્તમાં ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના મેનેજીગ ડીરેક્ટરે જણાવ્યું છે કે ખાદી અને ગ્રામોદ્યોગની ચીજવસ્તુઓ નાના એકમોમાં તૈયાર થાય છે અને તે સંપૂર્ણપણે માનવશક્તિથી બને છે જેથી આ ઉત્પાદનોનો વેટમાંથી મુક્તિ આપવી જરૂરી જણાય છે.

બોર્ડે સરકારને જણાવ્યું છે કે ખાદી ગ્રામોદ્યોગનું ઉત્પાદન ૬૨.૬૮ કરોડનું છે અને વેચાણ ૧૮૫.૬૬ કરોડનું થવા જાય છે. આ ક્ષેત્રમાં ૫૨,૮૩૯ લોકોને સીધી રોજગારી મળે છે છતાં વેલ્યુ એડેડ ટેક્સનો દર ૧૦ ટકા રાખવામાં આવ્યો છે.

જો સરકાર આ દરમાંથી મુક્તિ આપે તો ૧૮.૫૬ કરોડની આવક જતી કરવી પડે છે પરંતુ સામે ગ્રામીણ વિસ્તારના પચાસ હજારથી વધારે લોકોને રોજગારીમાં રાહત મળી શકે તેમ છે. વેટમુક્તિ આપવામાં આવે તો ખાદી અને ગ્રામોદ્યોગનું વેચાણ વધી શકે છે અને વધુ રોજગારી આપી શકાય તેમ છે. ખાદી બોર્ડ દ્વારા સરકારને અગાઉ અવારનવાર રજૂઆતો કરવામાં આવી હતી અને ઉદ્યોગ મંત્રીએ ૨૦૦૮માં ખાત્રી પણ આપી હતી પરંતુ હજી સુધી તેનો અમલ થયો નથી. નાણા વિભાગે ૨૦૦૯માં ૪૭ ગ્રામોદ્યોગને વેરામાંથી મુક્તિ આપી છે પરંતુ તેનો લાભ લેવા માટે નિયત પત્રકો ભરવાના હોય છે જેથી કેટલાક કિસ્સામાં લાભ મળતો નથી.

# શહેરમાં માર્ગ સુધારણાના બાકી કામોને મંજુરી આપવા દરખાસ્ત

## આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી ટૂંકમાં કામ હાથ ધરવા આયોજન

ગાંધીનગર, તા. ૨૪

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરના મુખ્ય ચ-માર્ગ સહિતના રસ્તા સુધારણાના કામોને મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવી છે. તંત્ર દ્વારા અગાઉ ચ-માર્ગ અને રોડ નં. ૫ને અનુલક્ષી રૂ. ૧૦ કરોડના ખર્ચના અંદાજ સાથે વિભાગને દરખાસ્ત મોકલવામાં આવી હતી.

શહેરમાં માર્ગ સુધારણાના કામો અટવાયા છે. ચોમાસા પૂર્વે શહેરના નવવિકસિત સેક્ટરોમાં માર્ગ મજબુતી કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. જ્યારે વરસાદના દિવસોમાં રસ્તા સુધારણાનું કામ બંધ કરી દેવાતા હવે આગામી દિવસોમાં કામગીરી શરૂ કરી દેવાશે. તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે. જ્યારે ઘ-માર્ગને ચકાચક બનાવવાનું કામ પૂર્ણ કરી દેવાયું છે. પરંતુ હજુ જૂના સેક્ટરોના આંતરિક માર્ગોના કામ સંદર્ભે દરખાસ્તને મંજુરી આપવામાં આવી નથી. સે. ૨૦ થી ૩૦ના આંતરિક માર્ગો નિયત સમયગાળાના અંતે કાચબાની પીઠ સમાન બન્યા હોવાથી સેક્ટરવાસીઓને હાલાકી વેઠવી પડે છે.

બીજીતરફ નગરના મુખ્ય ચ-માર્ગ, ચ-૦ થી ખ-૧ વચ્ચેનો માર્ગ સહિત રોડ નં. ૫ને ચકાચક બનાવવાની દરખાસ્ત પણ લાંબા સમયથી વિભાગકક્ષાએ અટવાયેલી છે. તંત્ર દ્વારા આ મામલે અગાઉ ખર્ચના અંદાજ સાથે વિભાગને દરખાસ્ત મોકલવામાં આવી હતી. પરંતુ હવે આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગ નવીનીકરણના માર્ગોને ઝડપભેર મંજુરી આપવા પણ પાટનગર યોજના વિભાગ દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

# સ્વર્ણિમ પાર્કના ઉદ્યાનમાં રંગબેરંગી ફૂલો નિખરશે

## એકઝોરા, ઈકોમા, નિકોટરીયા સહિતનાં વિવિધ ૧૦ હજાર રોપાઓનું વાવેતર કરાશે : ઉદ્યાન પાછળ દોઢ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૨૪

શહેરની મધ્યમાં વિશાળ જગ્યામાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કમાં હરિયાળી લોન વચ્ચે રંગબેરંગી ફૂલોથી નિખરતો ઉદ્યાન પણ એક જોવાલાયક નજરાણુ બનશે. સ્વર્ણિમ પાર્કમાં ૫ થી ૬ હેક્ટર વિસ્તારમાં હરિયાળી લોન આસપાસ ૧૦ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવશે. કલરફૂલ ફૂલોની આસપાસ કાજરીયા, પુતરનજીવા તેમજ પીપળ સહિતના વૃક્ષોનો પણ ઉછેર કરવામાં આવશે. ઉદ્યાનને નયનરમ્ય બનાવવા અંદાજિત રૂ. ૧.૫૦ કરોડનો ખર્ચ થશે.



દાયકા પૂર્વે શહેરને ફૂલોની નગરી બનાવવાનું સ્વપ્ન રોળાયુ છે. પરંતુ નગરના મધ્યભાગમાં નિર્માણ પામતા સ્વર્ણિમ પાર્કમાં રંગબેરંગી ફૂલોનો નઝારો અનોખુ આકર્ષણ જમાવશે. સ્વર્ણિમ પાર્કને અનુલક્ષી પ્રથમ તબક્કામાં રોડ અને ફૂટપાથ સહિતનું પ્રાથમિક કામ પૂર્ણ કરી દેવાયું છે. જ્યારે ગ-૪ થી ઘ-૪ સુધીના આ બેલ્ટમાં બીજાતબક્કાની કામગીરી પણ શરૂ કરી દેવાઈ છે. જેમાં લેન્ડસ્કેપીંગ, ચિલ્ડ્રનપાર્ક, ભૂલભૂલૈયા, વોટરબોડી, ફૂડકોર્ટ સહિતના આકર્ષણો ઉભા કરવામાં આવનાર છે. આ કામગીરી પાછળ રૂ. ૧૬ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવનાર છે. જ્યારે વચ્ચેના ભાગમાં હરિયાળી લોન તેમજ આસપાસ વિવિધ પ્રકારના ૧૦ હજાર જેટલા રોપાઓનો ઉછેર કરવામાં આવનાર છે. ઉદ્યાનને નયનરમ્ય બનાવવા અંદાજિત રૂ. ૧.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. બાગાયતતંત્રના સૂત્રોએ જણાવ્યા મુજબ સ્વર્ણિમ પાર્કના વચ્ચેના ભાગની આસપાસ એકઝોરા, ઈકોમા, ડ્રેસીના, નિકોટરીયા, પુતરનજીવા, મહેંદી, કરણગ્રાફ સહિતના રોપાઓ ઉછેરવામાં આવશે. ૫ થી ૭ ફૂટની ઊંચાઈ ધરાવતા આ રોપાઓમાં રંગબેરંગી ફૂલો નિખરતા જોવા મળશે. જ્યારે રોપાઓની સમાંતર પીપળ અને કાજરીયા સહિતના વૃક્ષોની વાવણી કરવામાં આવશે. હરિયાળા ઉદ્યાનમાં વૃક્ષોની છાયમાં ફલરફૂલ ફૂલોના નઝારો પણ આકર્ષણ જમાવશે.


## ગાંધીનગર મહાનગરપાલિકા

એમ. એસ. બિલ્ડીંગ, મહાનગર સેવા સદન, પ્રથમ માળ, ગાંધીનગર

### જાહેરાત

આથી જાહેરાત કરવામાં આવે છે કે, ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સ્ત્રી આરોગ્ય સેવિકા (CBHV)ની શરતોને આધિન પસંદગી કરવાની થાય છે. જે માટેની અરજીઓ મંગાવવામાં આવે છે. તો જે બહેન સ્થાનિક વિસ્તારમાં રહેતી હોય તે જ વિસ્તારમાં આરોગ્ય વિષયક દરેક કામગીરી કરી શકે તેવી સક્ષમ હોય તેવા બહેનોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન સાત સુધીમાં નીચેના સરનામે કચેરી સમય દરમિયાન નીચેની લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવે છે. આ અંગેની વિગતે માહિતી અત્રેની કચેરીએ, સરકારી દવાખાના, સુવિધા કેન્દ્ર, આંગણવાડી કેન્દ્રના નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

**લાયકાત :** ધોરણ-૮ પાસ, સ્થાયી વિસ્તારની પરિણિત / વિધવા મહિલા
**માસિક માનદ પુરસ્કાર :** ૧૫૦૦ (ફિક્સ)
**સરનામું :** એમ. એસ. બિલ્ડીંગ, મહાનગર સેવા સદન, પ્રથમ માળ, ગાંધીનગર

સહી/-
મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ
મહાનગરપાલિકા, ગાંધીનગર

## કોમ્પ્યુટર ઓપરેટર

ગાંધીનગર કોંગ્રેસ કાર્યાલયમાં ગુજરાતી ટાઈપ રાઈટર તથા ઈન્ટરનેટના જાણકારની તાત્કાલિક જરૂરિયાત હોઈ યોગ્ય ઉમેદવારે રૂબરૂમાં નીચેનાં સરનામે ૧૧-૦૦ થી ૩-૦૦ દરમિયાન બાયોડેટો સાથે રૂબરૂમાં મળવું.

૧૪, વિજય શોપીંગ સેન્ટર, સેક્ટર-૧૧, ગાંધીનગર.
મો. : ૯૪૨૬૩ ૦૨૬૮૪






TMT BARS - ISI
BENELAVE
TATA
STEEL • PIPES • SHEETS
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com